14 P
3125
G

NATIONAL ARCHIVES LIBRARY
GOVERNMENT OF INDIA
NEW DELHI.

Call No.

Accession No. 3125

GIPNLK—7/DAND—5-9-60—15,000

# સંગ્રામગીત

3125

Lib 853/76P-3

પ્રકાશક
ભીખાભાઈ કુબેરભાઈ પટેલ,
મંત્રી, સત્યાગ્રહ છાવણી,
આણંદ

NATIONAL ARCHIVES LIBRARY
No 3125
Date 28.3.72
GOVT. OF INDIA

IMPERIAL RECORD
RECEIVED.
16 JUL. 1930
DEP TMENT

ફા. ૭૫ શાહજહા. ૧૧-૪-૪-૩૦

ફા. ૬૦ બળીયાકાકા — ,, —

૧ ભુલાશંકર લલ્લુભાઈ પંડ્યા સાબરમતી
આશ્રમ.

૨ ભારતની કાલાદાસ.

૩ ડાહીબહેન ઘરોળ ઠક્કર

## રણહાક

હાક પડી વીરનર જાગજો રે, બની બહાદૂર આ વાર (૨)
ધરી શસ્ત્ર અસહકાર (૨) રણનાં રણશીંગડાં વાગીઆં. ટેક

સાબરમતીથી સૈન્ય નિસર્યું રે, બન્યા **ગાંધી** સરદાર (૨)
ગામડાં જગાવતા ચાલીઆ, ડાંડી મીઠાને કાજ (૨)
રણનાં૦ ૨

સંગ્રામ રંગ બધે જામીઆ રે, ભલી ભારતમોઝાર (૨)
દશે દિશાઓ ડગમગી, સમજો સાનમાં એ સાર (૨)
રણનાં૦ ૩

મારો નહિ મરતાં શીખો રે, એવો **ગાંધીજી**નો મંત્ર (૨)
મંદિર ગણો તમે જેલને, તમે થાશો સ્વતંત્ર (૨)
રણનાં૦ ૪

ઝુઝે છે વીર બધા જંગમાં રે, ધરી અહિંસાની ઢાલ (૨)
જેલમાં જતાં જે ડરે નહિ, સુખે દેતાં જાનમાલ (૨)
રણનાં૦ ૫

સતના સંગ્રામ આ તો જાગીઆ રે, સૌ આવો નરનાર (૨)
સેતાનોથી દૂર ભાગજો, તજો ભુંડી સરકાર (૨)
રણનાં૦ ૬

દેશના બંધુ જાગજો રે, તજી આળસ તમામ (૨)
આવો અવસર નહિ આવશે, રાખો ભારતનું નામ (૨)
રણુનાં૦ ૭

---

૨

## રણુમેદાન

રણુમેદાને ચઢ્યા તો મરવું કે ઇચ્છિત કરવું,
એ વીર પ્રતિજ્ઞા શૂરા સાથી પાછળ નવ પડવું.
સુકાની સંભાળજે નૌકા, તરંગો ઉછાળશે નૌકા,
સમુદ્ર ડુબાડશે નૌકા, ખડકમાં અથડાશે નૌકા;
ખાવાનું નથી કામ વિકટ છે, રણુસાગર તરવું. એ વીર૦
અથડાશે તે થડની સાથે, ચકી લેશે જળની સાથે,
કામ અહીં છે ધડની સાથે, સિંહણુ સુત તે કેમ ન આપે.
માથું હાથમાં લઇને લડવું, જીતવું કે મરવું. એ વીર૦

---

૩

## અબકી ટેક હમારી

( રાગ કાફી )

અબકી ટેક હમારી, લાજ રાખો ગિરિધારી.
જસી લાજ રાખી અર્જુન કી, ભારત યુદ્ધ મંઝારી,
સારથિ હો કે રથ કો હાંકો, ચક્રસુદર્શનધારી,
ભક્તન કી ટેક ન ટારી—લાજ૦
જૈસી લાજ રાખી દ્રૌપદિ કી, હોન ન દીનિ ઉઘારી,
ખેંચત ખચત દો ભુજ થાકે, દુઃશાસન પચહારી,
ચીર બઢાયો મુરારી—લાજ૦

સૂરદાસ કી લાજ રાખો, અબ કો હે રખવારી,
રાધે રાધે શ્રીવર પ્યારો, શ્રીવૃષભાનદુલારી,
ચરણ તક આયો તુમ્હારી—લાજ૦

૪

## અમે ડરતા નથી સરકારથી

( અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે—એ રાગ )

અમે ડરતા નથી સરકારથી રે,
સદા ભજીએ ભલા ભગવાન. અમે૦
બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન. અમે૦
બીક રાખે હરામી આળસુ રે,
હાથપગમાં અમારૂ તાન. અમે૦
માર ખાશું.નહિ અમે કોઇનો રે,
નહિ વેઠી લેશું અપમાન. અમે૦
છેતરાશું નહિ અમે કોઇથી રે,
હવે રૂડું મળ્યું છે જ્ઞાન. અમે૦
બાપુના બોલ અમે પાળશું રે,
હવે રહ્યા નથી હેવાન. અમે૦

૫

## અમે તો ભરતભૂમિનાં બાળ

અમે તો ભરતભૂમિનાં બાળ,
અમોને કેવળ એ પર વ્હાલ;
નિરંતર કેવળ એ પર વ્હાલ. અમે તો૦

સ્વર્ગ સમી પરભૂમિ સુંદર ભલે રસમાં રમનાર,
અમ અન્તરમાં એને તેજે પળ ભર નહિ ચમકાર;
અમે તો ભરતભૂમિનાં બાળ—
રંક ભલે રહી માત અમારી તદપિ તે અમ પ્રાણ,
હૈયા ગેલ સલુણા દેતી શીખવે ઉન્નત ગાન;
અમે તો ભરતભૂમિનાં બાળ—
અવર ભૂમિની ભૂરકીમાં નહિ ભરત અમે ભૂલનાર,
પરમાતાના લાડ લૂખેરા તે શું દુઃખ દળનાર;
અમે તો ભરતભૂમિનાં બાળ—
અનેર વ્રત કંઇ અમે ઉજવશું ઝગતા સુર ઝમકાર,
ઉષાસમી બસ ભરત હસાવી જગવીશું જયકાર;
અમે તો ભરતભૂમિનાં બાળ—

---

૬

## અમે ના મુખી બનવાના

( ગઝલ

અમે ના મુખી રહેવાના, અમે ના મુખી બનવાના,
અમલદારો ભલે ઘુરકો, અમે ના મુખી બનવાના;
હવે આંખો ગઈ ખુલી, અમે ના લેશ ડરવાના,
ગુલામીની નિશાનિ એ, અમે ના મુખી રહેવાના;
તમારા તેજની માંહી જરાયે ના તણાવાના,
હવે તો કાયદો સમજ્યા, અમે ના મુખી બનવાના;
ઘણા દહાડા તમે ખુંદ્યા, ઘણા દહાડા તમે રૂમ્યા,
હવે જાગ્યા નથી સુવા, અમે ના મુખી રહેવાના.

કલેકટર કે કમિશ્નર હો, ઇલાકાનો ગવર્નર હો,
ગમે તે હો અમારે શું, અમે ના સુખી બનવાના;
બતાવી કાયદો અમને, ડરાવી વેઠ લીધી બહુ,
હવે પોગળ ગયું ખુલી, અમે ના સુખી રહેવાના.
અમલદારો ગુનેગારો, મફતનો માલ જે ખાયે,
સજાને પાત્ર તે પુરા, અમે ના સુખી બનવાના.
અમે તો ટેકની ખાતર, અમારૂં બોલ્યું પળવાના,
ઉભી કોંગ્રેસ અમ પડખે, અમે ના સુખી રહેવાના.
કદી પોલીસ, સોલ્જરથી, કદી બંદુક તોપોથી,
ભલે આ પ્રાણ જાયે પણ, અમે ના સુખી બનવાના.

---

૭

## અમે સત્યાગ્રહી ચેલા

બન્યા ગાંધી ગુરુજીના, અમે સત્યાગ્રહી ચેલા;
અમારી ટેક જાળવવા, મરી જાવા થયા ઘેલા.
દીધો છે મંત્ર ગાંધીએ, સહીને જીતવું મરવું,
સહીને દુઃખથી તરવું, ન દુઃખોથી કદી ડરવું.
નથી કંઇ દોષ અંતરમાં, નથી ઘા મારવો સામો;
સહીને જીતવાનો છે, અમારો ન્યાયનો દાવો.
ન કરવું હા જી હા કદીએ, વસ્યું જો અંતરે બીજું;
ભલે શિર જાયે તોયે શું ? અમારે સત્ય તે કહેવું;
ભલે જંજીરથી જકડે, વતન છો ખાલસા મૂકે,
જુલમ અપમાનની ઝડીઓ ભલે અમ શિર પર વરસે.
અમે ના દાસ લક્ષ્મીના, અમારી દાસી એ રહેશે;

તપાવે યા ડુબાવે કે, અમોને ભઠ્ઠીમાં બાળે,
અમારે જીતવું મરવું, હવે ગાંધીજીના હાથે.
શૂરા સેનાપતિ ગાંધી અમારો સત્યનો કિલ્લો;
અચલ શ્રદ્ધા અમારી છે, તૂટે ના તોપથી તોડયો;
જગતનાં આસુરી શસ્ત્રો, થશે જુઠ્ઠાં પડી હેઠાં.
છુટયાં જ્યાં સત્યનાં બાણો, અમારા રામનાં છોડયાં,
ધરા આખી ધ્રૂજી જાશે, સુણી સત્યાગ્રહી ટંકાર,
ઉતરશે દેવ સ્વર્ગેથી, લઇને હાથમાં જયમાળ.

૮

## આ ગયા હે કર્મયુગ

( ગઝલ )

આ ગયા હે કર્મયુગ કુછ કર્મ કરના શીખ લો.
દેશ પર અરૂ જાતિ પર હસ હસ કે મરના શીખ લો.
મારનેકા નામ મત લો, પહેલા મરના શીખ લો.
શાન્તિ કે સિદ્ધાંત સે, યમ સે ન ડરના શીખ લો.
યાર યદિ હોતા તુમે પરતંત્રતા દુઃખ સીંધુ સે,
તેર કર તો રક્ત સાગર સે, ઉતરના શીખ લો.
ફીર જલાવેંગી શકલ, સંસારકો ક્ષણ માત્ર મેં,
દેશ દુઃખકી આગમેં, પર પહેલે જલાના શીખ લો.
જેલ યાત્રા કે લીયે, દિનરાત ઉત્સાહીત રહો.
કૃષ્ણ જન્મ સ્થાન મેં, નિર્ભય વિચરના શીખ લો.
દેખના હે દ્રશ્ય ભારત, વર્ષમેં યદિ સ્વર્ગ કા,
દેશકા તો પ્રાણ પનસે, દુઃખ હરના શીખ લો.

## ૯
## આઝાદી જંગ

( યજ્ઞ અમે માંડ્યો રે જાલીમના જુલ્મો હરવા—એ રાગ

યુવકો ઝુકાવજો રે, ભારત આઝાદી જંગમાં
લાજે જુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦
લાજે જુવાની કાયર બન્યાથી,
ખેલો શૂરા સંગ્રામમાં—યુવકો૦
દીપે જુવાની માથું મેલ્યાથી,
ભરતી થાઓ રણરંગમાં—યુવકો૦
કરી કેસરીયા માંડોને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો૦

---

## ૧૦
## ઐ માતૃભૂમિ તેરે

અ માતૃભૂમિ તેરે, ચરણોમેં શિર નમાવું,
મેં ભક્તિ ભેટ અપની, તેરી શરણમેં લાઉં—ટેક
માથે પે તૂ હોચંદન, છાતી પે તૂ હો માલા,
જીંહા પે ગીત તૂ હો, મેં તેરા નામ ગાઉં. ઐ માતૃ૦
જીસસે સુપૂત ઉપજે, શ્રી રામકૃષ્ણ જેસે,
ઉસ તેરી ધૂલિકો મૈં, નિજ શિશ પે ચઢાવું. ઐ માતૃ૦
થાની સમુદ્ર જિસકી, ધૂલિકા પાન કરકે,
કરતા હૈ માન તેરે, ઉસ પૈરકો મનાઉં. ઐ માતૃ૦

વે દેશ માનવાલે, ચઢકર ઉતર ગયે સબ,
ગોરે રહે ન કાલે, મુઝ કો હી એક પાઉં. ઐ માતૃ૦
સેવા મેં તેરી સારે, ભેદોં કો ભૂલ જાઉં,
વહ પુણ્ય નામ તેરા, પ્રતિદિન સુનુ સુનાઉં. ઐ માતૃ૦
તેરે હી કામ આવું, તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તુઝ પર, બલિદાન મૈં ચઢાવું. ઐ માતૃ૦

---

૧૧

## ખાદી ખરી ખાનદાન

ખાદી ખરી ખાનદાન,
વાહ મારી ખાદી ખરી ખાનદાન.—ટેક

લાખોને પાળે, લાખો જીવાડે;
લાખોને શાન્તિ દેનાર—વાહ૦

ઉનાળે ઠંડક શિયાળે ગરમી;
આપે ચોમાસે આરામ—વાહ૦

નાણા બચાવે નાણા વધારે;
નાણાની રેલો ફેલાય—વાહ૦

દુષ્કાળ ભાગે, રોગોને કાઢે;
ચોરી લબાડીનો નાશ—વાહ૦

ટાણે કટાણે કાળે દુકાળે,
ભાગ્યાની ભેરૂ ખાસ—વાહ૦

---

## ૧૨
## ગાજ્યા જવાહરલાલજી
( હાક પડી વીર નર જાગજો રે—એ રાગ )

કીધી વકિલાત મેં ઘણી રે, માણ્યો વૈભવ અપાર (૨)
હવે વકીલ બન્યો દેશનો, ઋણ ફેડું આવાર (૨)
ગાજ્યા જવાહરલાલજી.

કટાકટીનો મામલો ને બનો બહાદુર બળવાન (૨)
ડગલું પાછું ભરશો નહિ, ભલે જાય પ્યારો પ્રાણ (૨)
ગાજ્યા જવાહરલાલજી.

પહેલી કસોટી ટાંકણે રે, ભરી નાખોને જેલ (૨)
હસ્તે ચહેરે જેલમાં જજો, ગણી જેલ મહામહેલ (૨)
ગાજ્યા જવાહરલાલજી.

બીજી કસોટી ટાંકણે રે, ખમી લેજોને માર (૨)
સોટી ચાબુક ને કોયડ, વહે લોહી તણી ધાર (૨)
ગાજ્યા જવાહરલાલજી.

ત્રીજી કસોટી ટાંકણે રે, થજો મરવા તૈયાર (૨)
ગોળી, ફાંસી, તલવારથી, તજી ઝેર, વેર, ખાર (૨)
ગાજ્યા જવાહરલાલજી.

---

## ૧૩
## જન્મભૂમિનું જયમંગળ

જયમંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ. ટેક
રઘુવીર સમ વિરલ વીર, ભારતી સુભટ સુધીર,
ઉરસમુદ્રને હિમાલયે ઉછાળીએ. જયમંગળ૦

જનની અંક ઝીલીએ, ઝનુની રંગ રેલીએ,
આત્મબળ ઉજાસથી બધું ઉજાળીએ. જયમંગળ૦
સત્ય અર્થ સજ્જ થાઓ, વિજય વાવટો ઉડાવો,
વીરધર્મથી ધરા સદા ધ્રૂજાવીએ. જયમંગળ૦
સત્વથી સચવાય સ્વત્વ સમજીએ થઇ પ્રવૃત્ત,
ઘુમીએ ઝઝુમી જંગ તો મચાવીએ. જયમંગળ૦
ભૂતળ ફોડી ફેડીએ, ઉંડી જડો ઉખેડીએ,
દોર ને દમામ દેશનો જમાવીએ. જયમંગળ૦
સ્થિતિ સમય સ્વીકારીએ, પ્રવૃત્ત યજ્ઞ યોજીએ,
જાતને સ્વદેશ કાજ, કાં ન હોમીએ. જયમંગળ૦
માતુ દીન દુભાય છે, સપુત! પીડા પીછાનીએ,
હૃદય દીપાવીએ, ઉમંગને વધાવીએ. જયમંગળ૦
દેશ સેવના સ્વધર્મ, અન્ય ન કર્તવ્ય કર્મ,
આત્મભાવથી બધું પ્રભુમય પીછાનીએ. જયમંગળ૦

---

## ૧૪
## ટોપીવાળાનાં ટોળાં

ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં,
ઉતરીઆં કંઇ આથમણે ઓવાર રે
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં.
લીલી વાડી ને મીઠી છાંયડી,
નિરમળાં કાંઇ નદીઓ કેરાં નીર રે—પરદેશી૦
આંબે આંબે તે કોયલ લ્હેરતી,
ઉડતા કાંઇ રૂડા હંસ ને મોર રે—પરદેશી૦

પુરી પનોતી બેઠી દેશની,
અટારીએ કંઇ ભેરવના ભણકાર રે—પરદેશી૦
ઘેરે ઘેરે તે ઘુવડ બોલીઆં,
રોવા લાગ્યાં કંઇ શ્વાન ને શિયાળ રે—પરદેશી૦
ધરતી રૂએ મેલી ધ્રૂસકાં,
અધર્મના કાંઇ દુઃખનો નહિ પાર રે—પરદેશી૦
બાળા રાંડે તે બાર વર્ષની,
માડી પહેલાં મરે નાનાં બાળ રે—પરદેશી૦
ધરતી સુકાઇને થઇ વાંઝણી,
કરવા બેઠા કળજુગના કાળ રે—પરદેશી૦
સુના ચરા ને સુના ગૌચરા,
સુના સુના પાણીઆરીના ઘાટ રે—પરદેશી૦
ભાંગી ભરવાડોની મોરલી,
કારખાને કંઇ કામધેનુ કપાય રે—પરદેશી૦
તૂટી સાળો ને તૂટ્યા રેંટીઆ,
કારીગરોના કાપી નાખ્યા હાથ રે—પરદેશી૦
કજીઆ કરાવી ભાઇ ભાઇમાં,
પોતે થઇ બેઠા મો... ભૂપ રે—પરદેશી૦
આવ્યા ઓઢીને એવી કામળી,
ઓળખાયા નહિ અંતરના ભોરિંગ રે—પરદેશી૦
કર કચેરી ઉંચે ડુંગરે,
વાળવા બેઠા દેશ કેરો દાટ રે—પરદેશી૦
વધ્યા કાયદા ને વધી કોર્ટો,
વધ્યા કંઇ ગુન્હાના કરનાર રે—પરદેશી૦

વકીલો વધ્યા ને વધ્યા ડૉકટરો,
વધ્યા કંઇ કજીઆ ને રોગ રે—પરદેશી૦
એવો વેરો તે નાંખ્યો આકરો,
ખેડુતોને ખાવા ન મળે ધાન રે—પરદેશી૦
ગરવા ગામનાં તો ઝુરે ઝુંપડાં,
માડી જાયા દેશીઓ વિંધાય રે—પરદેશી૦
આંખે પાટા બાંધ્યા લોકને,
ડુંચો દઇ ગુંગળાવી નાખ્યા શ્વાસ રે—પરદેશી૦
ડેરો નાંખ્યો એણે ડોકમાં,
પગે પગે જકડી દીધી જંજીર રે—પરદેશી૦
એવે આવ્યા ગાંધીજી મોખરે,
યુગ યુગની ઉડાડી તેણે ફુગ રે—પરદેશી૦
દેશ તણો એ સાચો દિકરો,
કર્મવીર કસ્તુરબાના કંથ રે—પરદેશી૦
રૂઠી સરકાર રંક લોક પર,
તૂટી પડી જાણે વરૂ વાઘ રે—પરદેશી૦
ઠામે ઠામે જંજીરો ગોઠવી,
ઠામે ઠામે ઉડાડયાં એણે બલુન રે—પરદેશી૦
મહેલ જાણીને જજો જેલમાં,
છાતી ઉપર ઝીલજો બંદુક રે—પરદેશી૦
માતા જેવું હૈયું રાખજો,
દીલમાંહી રાખશો નહિ ડંખ રે—પરદેશી૦
પાયા ડગમગીઆ એના રાજ્યના,
ડોલતાં એનાં સિંહાસન દેખાય રે—પરદેશી૦

તાજ એનો પડુ પડુ થાય છે,
પુરેપુરૂં ભરાયું એનું પાપ રે—પરદેશી૦
કાં તો હારશે એ એના પાપથી,
અથવા મરશે માંહોમાંહી કપાઇ રે—પરદેશી૦

---

## ૧૫

## 'તમારી આત્મશ્રદ્ધા તો'

દિવાલો દુર્ગની તૂટે, તમારા કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી, તમારી આત્મશ્રદ્ધા તો.
તમારા માર્ગમાં ઉભા પહાડોએ ખસી જાશે,
બિયાબાં માર્ગ દઇ દેશે, તમારી આત્મશ્રદ્ધા તો.
ઉતરવા સાત સાયર જો, તમારા પત્થરો તરશે,
વિના નૌકા સફળ થાશે, તમારી આત્મશ્રદ્ધા તો.
જવું આકાશમાં ધારો, ન વાયુ-યાન પાસે છો,
વિના પાંખે ઉડી જાશો, તમારી આત્મશ્રદ્ધા તો.
થશે વિદ્યુત્ ને વાયુ, તમારા દાસ અગ્નિ એ,
વરસશે મેહ માગ્યા જો, તમારી આત્મશ્રદ્ધા તો.
હજારો રોગની જ્વાલા, દવાના બિંદુના વિના,
બૂઝાશે, શાન્તિ સિંચાશે, તમારી આત્મશ્રદ્ધા તો.

---

## ૧૬

## તમે ડરશો નહિ કદી જુલ્મથી રે.

તમે ડરશો નહિ કદી જુલ્મથી રે,
જુલ્મીમાં નથી બળ કાંઇ—તમે.

સત્યપંથે સદા સહુ ચાલજો રે,
જુલ્મીના જુલમ કરો દૂર—તમે.
જુલ્મીનો જગતમાં નાશ છે રે,
સત્યવાદીનો જય જયકાર—તમે.
સત્ય કાજે સહન કરજો બધું રે,
ભલે માથું ને ધડ જુદા થાય—તમે.
જુલ્મ સામે નિડર થઇ ઝુઝજો રે,
ધરી સત્યરૂપી તલવાર—તમે.

૧૭

## તમે ડરશો નહિ કદી જેલથી રે.

તમે ડરશો નહિ કદી જેલથી રે,
જેલખાનું છે મ્હેલ સમાન—તમે.
જુલ્મીના જુલમ અન્યાયને રે,
બ્હાર પાડો નિડર થઇ ખાસ—તમે.
અધિકારી રાજા કે સિપાહીના રે.
ડરી જઇને છુપાવો ન પાપ—તમે.
તમે માખણ લેશો ન કોઇનું રે,
સદા કરજો સાચે સાચી વાત—તમે.
રોગ ચિંતા ભાગી જશે જેલમાં રે,
થશે કાયા સુદૃઢ બળવાન—તમે.
આળ પંપાળ દેહની છુટશે રે,
છુટી જાશે પ્રમાદી ટેવ—તમે.
આત્મશક્તિમાં શ્રદ્ધા જામશે રે,
બની જાઓ મહાભડવીર—તમે.

૧૮

## તમે ડરશો નહિ જરી મોતથી રે

તમે ડરશો નહિ જરી મોતથી રે;
મોત કાયરનું રોજ રોજ થાય છે રે,
પણ જીવે સદા શૂરવીર—તમે૦
સ્વાર્થ કાજે જીવે ક્ષુદ્ર માનવી રે,
પરમાર્થે જીવે બહાદુર—તમે૦
દેહ કાયરનો ભાર રૂપ છે રે,
ધન્ય શૂરવીરનો અવતાર—તમે૦

૧૯

## તીર્થસ્થાન (જેલ)

દિવાલ પથ્થરની ભલે,
નહિ કેદખાનું થઇ શકે!
સળીઆ ભલે લોઢા તણા,
પિંજર કદી નહિ લાગશે!
મન જો હશે નિર્દોષ મારૂં,
શાન્ત ચિત્તે ધારશે,
એ પિંજરૂં એ કેદખાનું,
તીર્થ જેવું માનશે.
જો પ્રેમ અંતરમાં હશે,
સ્વાતંત્ર્યમાં દિલ ઝુકશે;
રે અંતરીક્ષે દેવ જેવું,
હૃદય છુટું થઇ જશે.

૨૦

## નહિ હઠશે નહિ હઠશે

નહિ હઠશે નહિ હઠશે, બહાદુર પાછા નહિ હઠશે.
લડશે લડશે સમરાંગણમાં, છોને ફના થવાય. પાછા૦
કુરબાની કરતાં નહિ થાકે, ઘૂમે રણમેદાન. પાછા૦
જુલ્મઘંટીમાં છોને પીલે, સેતાની સરકાર. પાછા૦
જુલ્મોથી રોળાયાં જગમાં લાખો જુલ્મી રાજ. પાછા૦
રણે ચઢેલા સત્યાગ્રહીઓ નમાવશે સરકાર. પાછા૦

---

૨૧

## પૃથ્વીનો પોકાર.

કલિભારે પાતાળ ઉતરતી પૃથ્વી પોકારે રે.
ઓ નાથ કહોજી કૉલ પ્રમાણે અવતરશો ક્યારે ?
મૂકી માનવતાની માઝા, પ્રજાના પ્રાણ ચૂસે રાજા
કરી નિજ ખૂન તણા ખાજા, કરી તન તંતુ તણા વાજા
માનવભક્ષી ભૂત ભૂખ્યાં એ, સૃષ્ટી સંહારે રે....ઓ નાથ૦
સ્થળે સ્થળ પાપતણાં થાણાં, કદી નહિ વાય રૂડાં વાણાં
નથી ઋતુઓનાં ઠેકાણાં, સુકાયાં નીર ખૂટયા દાણા
જગ જડવાદ તણો ઝંઝાનીલ, જંબુદ્વિપ આરે રે....ઓ નાથ૦

× × ×

નથી કોઇ દીનતણું આજે, પડેલાં પગપર દઇ ગાજે.
નહિ પરને પીડતાં લાજે, બીજાને જોઇ સુખે દાઝે
સામ્યસુધા માનસરેલ રેલવવા, દુનિયાને દ્વારે રે....ઓ નાથ.
ગીતામાં જે આપે ગાયું, વળી જે બંસરીએ પાયું

અને જે પ્રિય જનને પાયું, નથી એ અમથી વિસરાયું
દેવ બધા બંદિ થઇ બેઠા, દશમુખ દરબારે રે....ઓ નાથ૦

× × ×

વિભુ જો વાર વધુ થાશે, મહાતલ મહી—માતા જાશે
તમારાં વેણુ વગોવાશે, અસુરો હર્ષ-નીરે ન્હાશે
મળછળનાં મંડાય મહાલય, ચોગમ સંસારે રે...ઓ નાથ૦

---

## ૨૨

## બાપુનો સંઘ

મારા બાપુનો સંઘ, મારા બાપુનો સંઘ,
ચાલ્યો સ્વરાજ્ય ઘેર આણવા;
અમે માંડ્યો છે જંગ, અમે માંડ્યો છે જંગ,
શાન્તિના રણરંગ માણવા.—મારા બાપુનો૦
બોલ દરિયાની રાણી, બોલ દરિયાની રાણી,
સ્વરાજ્ય ક્યાં સંતાડીયું?
સાંભળ સાંભળ હિંદવાણી, સાંભળ હિંદવાણી,
દરિયામાં રાજ તારૂં રાખિયું—મારા બાપુનો૦
ડોળ્યાં દરિયાનાં નીર, ડોળ્યાં દરિયાનાં નીર,
ડોળી ડોળી અમે થાકિયાં;
બાપુ ચાખે લગીર, બાપુ ચાખે લગીર,
સ્વરાજના સ્વાદ ચાખિયા—મારા બાપુનો૦
ચાલો ચાલો ત્રીસ ક્રોડ, ચાલો ચાલો ત્રીસ ક્રોડ,
મીઠો સ્વરાજ રસ ચાખવા

ચાલો હિંદુ મુસલમાન, ચાલો હિંદુ મુસલમાન,
મીઠું તમારૂં બતાવવા—મારો બાપુનો૦

૨૩

## ભારત પરદેશીએ પાયમાલ કીધું.

પરદેશીએ પાયમાલ કીધું,
ભારત પરદેશીએ પાયમાલ કીધું.
હીરા ને હેમ ગયા, કાગળ ને કાચ રહ્યા,
કથિર નાણું ચાલું કીધું—ભારત૦
હાથની કળા હણી સૌ, સંચે હિન્દીતણી
સંચે સત્યાનાશ કીધું—ભારત૦
અંગુઠા આંગળી કાપી કારીગરી
ઢાકા મલમલ બંધ કીધું—ભારત૦
શીતળાની ટાંકમાં, સૌ હિન્દુના હાડમાં,
ગૌરક્ત ભરી ભ્રષ્ટ કીધું—ભારત૦
રિધિસિદ્ધિ સહુ ભારતે ભરી'તી બહુ,
પરદેશીએ ચૂસી લીધું—ભારત૦
શૂરાનું શૂર ગયું, દૈવત દેવોનું ગયું.
વીરોનું પણ પણ લીધું—ભારત૦

૨૪

## ભારત હમારા દેશ હૈ

ભારત હમારા દેશ હૈ, હિત ઉસકા નિશ્ચય ચાહેંગે
ઉસકે હિતકે કારણે, હમ કુછ ન કુછ કર જાએંગે
ભારત હમારી માતૃભુમિ, ઉસકા ઋણ હમપર હૈ બહુત

ઉસકે મિટાને કે લીયે, હમ કુછન કુછ કર જાએંગે
ભારતકે દુ:ખપ્રદ અવનતિ પર, કયોં ન અશ્રુ બહાવેંગે
ઉનકે હટાને કે લીયે હમ, કુછ ન કુછ કર જાએંગે.
ધર્મ વિદ્યા ઔર ધનસે, ઉન્નતિ ભારતકી હોવે
ઉસ ઉન્નતિ કે માર્ગમેં હમ, કુછ ન કુછ કર જાએંગે.
સંસાર કે ઉદ્ધાર હેતુ, કૃષ્ણ જન્મે જેલમેં
તો ફીર ભલા કયોં હમ ડરેંગે, કુછ ન કુછ કર જાએંગે.
ચાહે કિતને કષ્ટ હમકો, કયોં ન હો ઉસકે લીયે
સબ સહેંગે મર મિટેંગે, કુછ ન કુછ કર જાએંગે.

---

૫

## મારૂ વતન

મારૂ વતન આ મારૂ વતન
વ્હાલું વ્હાલું મને મારૂ વતન.
જેની માટીની મારી કાયા ઘડેલી
તેને કરૂ હું કોટિ કોટિ નમન—વ્હાલું૦
રાણા પ્રતાપને શિવાજી શૂરવીર
મારા વતનનાં મોંઘાં રતન—વ્હાલું૦
બાલ અને લાલ વળી દાદા ને દાસજી
જેને સમર્પ્યું છે સારૂ જીવન—વ્હાલું૦
ગાંધી બાપુને હૈયે વસ્યું જે
સંસાર સાર ને જીવન ધન—વ્હાલું૦
વ્હાલા વતનની બેડીને તોડવા
હોંસે ઓવારૂં હું તન મન ધન—વ્હાલું૦

---

૨૬

## મુખી મતાદારોની પ્રતિજ્ઞા

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે થવાનું હોય તે થાય. અમે૦
નથી પાકયા ભારતમાં રાક્ષસો રે,
જે મુખી મતાદાર થાય. અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦
અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ. અમે૦

---

૨૭

## યજ્ઞ માંડયો

( એકવાર આવોરે ગાંધીજી ગુણીઅલ ગરવા—એ રાગ )

યજ્ઞ અમે માંડયો રે, જાલીમના જુલમો હરવા.
ભારત આખું તૈયાર આજે, સાચી કુરબાની કરવા. યજ્ઞ૦
તાલીમ આપી સરદારે પૂરી, પોતાના બળથી તરવા. યજ્ઞ૦
સંપીલાં શૂરાં નરનારી દેખી, લાગી નોકરશાહી ડરવા યજ્ઞ૦
લીધી પ્રતિજ્ઞા પાળશું પ્રેમે જુલમની છે નહિ પરવા. યજ્ઞ૦
હોમાઇ જાશે લોકો હજારો, માતાનાં દુખડાં હરવા. યજ્ઞ૦

---

૨૮

## રામનું રખવાળું

જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે;
અવર નહિ દેખું રે, બીજો કોઇ પ્રભુ પેખે—જેને૦
ચાહે અમીરને ભીખ મંગાવે ને રંકને કરે રે રાય
સ્થલને સ્થાનકે જલ ચલાવે જલ સ્થાનક સ્થલ થાય
તરણાનો તો મેરૂ રે, મેરૂનું તરણું કરી દાખવે—જેને૦
લીંભાડાથી બળતાં રાખ્યાં, મંઝારીનાં બાળ
ટિટોડીનાં ઇંડાં ઉગાર્યાં એવા છો રાજન રખવાળ
અંત વેળા આવો રે પ્રભુ તમે તેની તકે—જેને૦
બાણ તાણીને ઉભો પારધી, સીંચાણો કરે રે તકાવ
પારધીને પગે સર્પ ડસ્યો, સીંચાણા શિર નહિ ઘાવ
બાજ પડ્યો હેઠો રે, પંખી ઉડી ગયાં સુખે—જેને૦
ગજ કાતરણી લઇને બેઠા હરજી દીન દયાળ
વધે ઘટે તેને કરે બરાબર સૌની લે સંભાળ
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હેકે—જેને૦

---

૨૯

## લડતનું રહસ્ય.

( ગઝલ )

અમારી આ લડત માંહે, નિડરતા મુખ્ય વસ્તુ છે,
અમારી આ લડત માંહે, અહિંસા ખાસ વસ્તુ છે. ૧
અમલદારો બની જુલ્મી, ભલેને જુલ્મ આદરતા,
અમલદારો પ્રજાદ્રોહી, ભલેને થાય તે કરતા. ૨

અમલદારો ફસાવે તો, કહી દ્યો કે ફસાશું નહિ,
અમલદારો ડરાવે તો, કહી દ્યો કે ડરીશું નહિ. ૩
નહિ નમવું નહિ ડરવું, પ્રતિજ્ઞા પાળવી સારી,
નહિ હઠવું નહિ ડરવું, પ્રતિજ્ઞા પાળવી પ્યારી. ૪

---

૩૦

## વીરાને હાકલ

હિન્દ રડત દુઃખથી હાય,
હૃદય તમ શું નવ ચીરાય?
માત રૂદન કયમ ખમાય,
સુજન! જાગો જાગો રે.

કાન્ત વદન કરમ્યું હાય,
અબલ બનેલ ધ્રુજત પાય,
કમર કઠિન નવ રખાય,
શો સજેલ વાગો રે.

છિન્ન ભિન્ન શી જણાય.
અનુપ માત હિન્દ હાય,
રાત દીન ક્ષીણ થાય,
તદપિ શું ન દાઝો રે.

'રિબત માત કયમ ઉવાય!'
ભવ્ય મનન કરી સહાય,
અધમ દ્વેષ પટકી પાય,
હિન્દ સૌખ્ય સાધો રે.

રમ્ય દિવ્ય લો ઉપાય.
યત્નમાં છો જીવ જાય,
હામ તો પ્રભુજી સ્હાય,
વીર! જાગો જાગો રે.

---

## ૩૧
## વીર હાક વાગે છે.

વાગે છે રે વાગે છે મારા બાપુની વીરહાક વાગે છે;
ડોલે છે રે ડોલે છે જુલમીનાં રાજપાટ ડોલે છે.

જાલીમના જુલમો ને હાકેમની બેડીઓ,
એકકે તડાકે તૂટે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

અંધારા આથમ્યા ને ઓથાર ઓસર્યા,
રણનાં રણશિંગડાં વાગે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

પટલાઈનાં પોથાં ને નોકરીનાં થોથાં,
લોકો ફટાફટ ફેંકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

સરકારી શાળાનાં ભણતર મૂકીને,
જંગે જુવાનીઆ ઝુકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

દૈતરાજ પીટે ને રામરાજ વ્યાપે,
સતના ડંકા ગાજે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

કાયરતા કાઢીને વીરતા વ્હોરી,
શૂરા સંગ્રામમાં ઝૂઝે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

---

## ૩૨
## વૈષ્ણવજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે ને, મન અભિમાન ન આણે રે—
વૈષ્ણવ૦

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે; ધન્ય ધન્ય જનની તેની રે—
વૈષ્ણવ૦

સમ દૃષ્ટિ અને તૃષ્ણા ત્યાગી પરસ્ત્રી જેને માત રે
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે—
વૈષ્ણવ૦

મોહ માયા વ્યાપે નહિ જેને દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામશું તાળી રે લાગી સકળ તિરથ તેના તનમાં રે—
વૈષ્ણવ૦

વણ લોભી ને કપટ રહિત જે, કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઇકોતર તાર્યાં રે—
વૈષ્ણવ૦

---

## ૩૩
## શક્તિમંત્ર

જનની ભારત આજ હમકો મધુર વીણા સુના રહી હે,
સ્વતંત્રતાકા રાગ ગાકર માનો અમૃત પીલા રહી હૈ,
સેંકડો વર્ષોંસે હમથે ભાગ્યહીકે ફેરમેં,
ઉસકી નિર્ભરતા છુડાકર, સ્વાવલંબન શીખા રહી હૈ,

થા નિરાશાકા ભયાનક ભૂત જો હમપર ચઢા.
રાષ્ટ્રકે સંગીત બલસે શીઘ્ર ઉસકો ભગા રહી હૈ.
ફીર ભલા મૈં દીનતાકે શબ્દ કૈસે કહુ સકું?
જબકી માતા મીઠે સ્વરસે, શક્તિમન્ત્ર પઢા રહી હૈ.

---

## ૩૪

## શૂરવીર આવજો

( હરિ વેણુ વાય છે રે હો વનમાં—એ રાગ )

શૂરવીર આવજો રે હો રણમાં
ઉત્સાહ ચેતન ભરજો તનમાં—શૂરવીર
ગજ ગજ કૂદજો રે હો કોડે
બલિદાન દેજો જાતનાં જોરે—શૂરવીર
કરજો કેસરીયાં હો હરખે
પ્રભુ છે ઉભા પોતે પડખે—શૂરવીર
કાયર ભાગજો રે હો વનમાં
ભય જો લાગે મોતનો મનમાં—શૂરવીર
અવસર આવ્યો રે હો તરવા
નિશ્ચય કરજો જીતવા કે મરવા—શૂરવીર
ઝુંડો સતનો હો ફરકાવો
શાન્તિ પાળો, સ્વરાજ ઘેર લાવો—શૂરવીર
ડંકો વાગ્યો રે હો વહાલા
યુવક ધાજો રણમતવાલા—શૂરવીર

---

### ૩૫

## શૂરા જીતે સંગ્રામ

શૂરા જીતે સંગ્રામ—માથાં મેલી
એ શૂરાનાં કામ—માથાં૦
લડવા ટાણે શૌર્ય બતાવે
તુચ્છ ગણે ધનધામ—માથાં૦
ટેક નિભાવે નામ ઉજાળે
કાયા કરે કુરબાન—માથાં૦
હઠવાનું તો નામ ન જાણે
છાતીએ ઝીલે બાણ—માથાં૦
જુલ્મીના જુલ્મોને છેદે
ન્યાય કાજે લઢનાર—માથાં૦
સત્યના કાજે લડનારનું
મૃત્યુ અમર ગણાય—માથાં૦

---

### ૩૬

## સગાં દીઠાં મેં અમલદારનાં ભીખ માગતાં શેરીએ

અમલદાર તમે અક્કડ શેના?
વિસાત શી તમ અમલ તણી?
કઇ સત્તા પર કુદકો મારો?
લાખ કોટીના ભલે ધણી
લાખ તો મૂઠી રાખ બરાબર
ક્રોડ છોડશે સરવાળે

સત્તા સુકા ઘાસ બરાબર
વળી આસપાસે બાળે

ચક્રવર્તિ મહારાજ ચાલીયા
કાળચક્રની ફેરીએ
સગાં દીઠાં મેં અમલદારનાં
ભીખ માગતાં શેરીએ.

કુલીન કુળમાં કજાત પુત્રો
પ્રગટ દિસે આ દુનિયામાં
બળીઆ વંશજ જુવો બાયલા
રોગી નીરોગી જગ્યામાં

સૃષ્ટિ નિયમ ફરતું ચક્કર એ
નીચેથી ઉપર ચઢતું
ચઢે તે થકી બમણે વેગે
પૃથ્વી પર પટકઇ પડતું

શી કહું કાળ! અજબ બલિહારી?
વિદુર સુખી તુજ લ્હેરીએ!
સગાં દીઠાં મેં અમલદારનાં
ભીખ માગતાં શેરીએ.

૩૭

## સતનો સંગ્રામ

સતનો માંડ્યો છે સંગ્રામ, પ્યારા હિંદને માટે
કીધાં કેસરિયાં આવાર:—પ્યારા હિંદને૦

અમને મળ્યા શૂરા સરદાર, જેણે કંપાવી સરકાર
લડવા થયા અમે તૈયાર:—પ્યારા હિંદને૦

અમને થયું ખરેખર ભાન, દિલમાં ફેલાયું છે તાન
કરશું કાયાને કુરબાન:—પ્યારા હિંદને૦

સાચો કર્યો અમે પડકાર હઠશે પરદેશી સરકાર
લડશું સર્વે હારોહાર:—પ્યારા હિંદને૦

માથું ને ધડ જુદાં થાય, તો ય ડરશું નહિ તલભાર
સત્યાગ્રહનું છે હથિયાર:—પ્યારા હિંદને૦

આથી પ્રજા બની છે એક શિરને સાટે લીધી ટેક
ભારતની સાચી નેક:—પ્યારા હિંદને૦

---

૩૮

## સમશેર સારી ખલ્કની અમને નહિ તાબે કરે

સમશેર સારી ખલ્કની અમને નહિ તાબે કરે,
અમ આત્મ છે પ્રભુતેજ તે નહિ તુચ્છ શસ્ત્રે ગાભરે. સમશેર૦

મહાયજ્ઞ છે અમ આદર્યો, પૂરો કરીશું હામથી;
વિઘ્નો કદી આવી પડે તો, હોમશું અમ જાતને. સમશેર૦

લાંછન ગુલામી શીર લઇ, પાળ્યા પશુસમ જગફર્યા;
આંખો અમારી તે ખુલી, બસ ધોઇશું સૌ પાપને. સમશેર૦
પર તેજ નહિ ભડકશું, પણ તેજ અમ જગ દાખશું;
જોશે બધી આલમ હવે, અમ હિન્દની તાકાતને. સમશેર૦

---

૩૯

## સત્યાગ્રહની સામે સત્તાનો થરથરાટ.

સત્યાગ્રહની સામે સત્તા થરથરી જાય છે રે. ટેક.

તોપ બંદુકો કામ ન આવે, વિમાનનું તો જોર ન ફાવે,
સત્યાગ્રહીને જગત વધાવે ન્યાય છે રે. સત્યાગ્રહની૦

કાવાદાવા નિષ્ફળ થાશે, ધમકી લાલચ ફોકટ જાશે,
પાપી મરશે પાપે, ઋષિઓ ગાય છે રે. સત્યાગ્રહની૦

રૈયત લુંટી અન્ધા બનતા, ઇશ્વરને પણ જે નહિ માનતા,
પુણ્ય બધું પરવારી ઠેબા ખાય છે રે. સત્યાગ્રહની૦

જાલીમ માને રાજ્ય જમાયા ડગમગવા લાગ્યા છે પાયા,
જાલીમ મરતાં જગમાં શાન્તિ થાય છે રે. સત્યાગ્રહની૦

---

૦

## સહુ બત્રીશ લક્ષણા જાગજો રે

સહુ બત્રીશ લક્ષણા જાગજો રે,
કરો વ્હાલી કાયા કુરબાન સહુ૦

NATIONAL ARCHIVES LIBRARY
No. 3125
Date 28.3.72
GOVT. OF INDIA

પૂજ્ય ગાંધીજીએ યજ્ઞ આદર્યો રે,
બની સાચા શૂરા સરદાર—સહુ૦
એની આજ્ઞા ઉપાડો મસ્તકે રે,
કરો સર્વસ્વનું બલિદાન—સહુ૦
જીવવાનું જો શિખવું હોય તો રે,
મરી જાણો માર્યા વિના આજ—સહુ૦
ઢાલ રાખો અહિંસાની હાથમાં રે,
ભલે જાલીમ છોડે તોપ—સહુ૦
મ્હાત કરજો જાલીમને પ્રેમથી રે,
ક્રોધ કરજો સદા નિર્મળ—સહુ૦
આ બાજી આવી છે હાથમાં રે,
સાચવીને જીતો સંગ્રામ—સહુ૦

---

૪૧

## સુજનને સહેવી ઘટે ત્યાં જેલ

સુજનને સહેવી ઘટે ત્યાં જેલ.
ઉભા જ્યાં અન્યાયીના મહેલ.

જ્યાં દેવો પારણીએ પોઢયા, જ્યાં દાનવના ખેલ;
સતી, જતી, જ્યાં હિમાલય શોધે, શઠમઠ જ્યાં માંડેલ,
—સુજનને૦

થાય પટુની જ્યાં પટુતા છે, જ્યાં દુર્બલ હાએલ,
જટીલ, કુટીલ સુધરેલ ગણાય જ્યાં, જ્યાં કપટી કાબેલ
—સુજનને૦

રાજ્ય પ્રપંચ કુશલ શકુનીનાં, જ્યાં પોબાર પડેલ,
ન્યાય નીતિ નિષ્ણાત વિદુરને, જ્યાં જીવવું મુશ્કેલ.
—સુજનને૦

વિપદ વરે વિપદો વરસે ત્યાં, નથી સુખ સગવડ સહેલ,
પાણીદાર કદી નહિ જ પલટે, તે તો કરશે પહેલ.
—સુજનને૦

જુલ્મતણું પુર જોશ હશે ત્યાં, કાઢે કદાપિ તેલ,
પણ રણધીર સ્વરાજ્ય ભૂખ્યાને, ગેડી દડાની ગેલ,
—સુજનને૦

---

## ૪૨

## હરિનો મારગ

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સૂત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને.
મરણ આગળે તે ભરે મૂઠી, દીલની દુગ્ધા વામે જોને,
તીરે ઉભા જુએ તમાસા, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને,
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને,
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદન નિરખે જોને.

---

૪૩


## વન્દેમાતરમ્

સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
શસ્યશ્યામલામ્ માતરમ્ વન્દે૦
શુભ્રજ્યોત્સ્ના પુલકિત યામિનીમ્
ફુલ્લ કુસુમિત-દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્ વન્દે૦

---

## ધુન

રઘુપતિ રાઘવ રાજારામ; પતિતપાવન સીતારામ.
રાધાકૃષ્ણ જયકુંજવિહારી, મુરલીધર ગોવર્ધનધારી.
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.
જય શ્રી કૃષ્ણ જય શ્રી રામ, અધમ ઉદ્ધારણ પૂરણ કામ,
ઇશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન



આણંદ ચરોતર પ્રિંટિંગ પ્રેસમાં મોતીભાઇ મથુરભાઇ પટેલે છાપ્યું
અને ભીખાભાઇ કુબેરભાઇ પટેલે પ્રકટ કર્યું. તા. ૪:૪:'૩૦.